' સંસ્મરણો 'ની સમાલોચના

[૩૩]

પ્રસ્તુત પુસ્તક ' સંસ્મરણો ' ગુજરાત વિદ્યાસભાએ પ્રસિદ્ધ કર્યું છે. એના લેખક છે વહાલસોયું ' દાદાસાહેબ ' ઉપનામ ધારણ કરનાર શ્રી. ગણેશ વાસુદેવ માવળંકર. મધ્યવર્તી લોકસભાના સ્પીકર તરીકે દાદાસાહેબનું નામ એટલું બધું જાણીતું અને સાથે સાથે લોકપ્રિય છે કે તેમને વિશે કશો વધારે ઉલ્લેખ કરવાની જરૂર રહેતી નથી.

દાદાસાહેબે ' માનવતાનાં ઝરણાં ', ' My Life at the Bar ' ' કાંહી પાઉલે ' વગેરે ગુજરાતી, અંગ્રેજી, મરાઠીમાં જુદા જુદા પ્રસંગો લઈ પુસ્તકરૂપે સ્મૃતિઓ લખેલી છે. પ્રસ્તુત પુસ્તક, એના નામ પ્રમાણે, વિશિષ્ટ સ્મૃતિઓનું સંકલન છે. એ સ્મૃતિઓ ગાંધીજી સાથે પરિચયમાં આવ્યા પછી તેમની દોરવણી પ્રમાણે કે તેમની સાથે કામ કરતાં ઉપસ્થિત થયેલા પ્રસંગોની એક અનુભવયાત્રા છે. ગાંધીજી સાથેના આ જીવન–પ્રસંગો પણ લેખિત આધાર પૂરતા મર્યાદિત છે. તેથી જ શ્રી. નરહરિભાઈ પ્રસ્તાવનામાં ઠીક જ કહે છે કે, “ આ પુસ્તકની ગૂંથણી ગાંધીજીના એમના ઉપર આવેલા પત્રોની આસપાસ કરી છે. એ પત્રો આપતાં પહેલાં કઈ પરિસ્થિતિમાં ગાંધીજીએ તેમને અમુક પત્રો લખ્યા અને એ પત્રોની એમના જીવન ઉપર શી અસર થઈ એ તેમણે ઝીણવટથી વિગતવાર વર્ણવ્યું છે.”

ગાંધીયુગમાં ગાંધીજીના દેશમાં જન્મવું એ પ્રથમ ધન્યતા. તેમના પરિચયમાં આવવું એ બીજી ચડિયાતી ધન્યતા. પરિચયમાં આવ્યા પછી પણ તેમની દૃષ્ટિની સમજણ અને તે પ્રમાણે જીવન જીવવાની આવડત અને તાલાવેલી એ ત્રીજી પણ વધારે ઉત્તમ ધન્યતા. આ બધી ધન્યતાઓથી વધારે ચડિયાતી અને વધારે મૂલ્યવતી ધન્યતા તો તેમની સાથે એક યા બીજી રીતે કામમાં સહભાગી બનવું તે. આ મારું અનુભૂત અને મૂળગત મંતવ્ય છે. એ મંતવ્યની કસોટીએ જોઈએ તો દાદાસાહેબનાં પ્રસ્તુત સ્મરણો એ બધી ધન્યતાઓના પરિપાકરૂપે છે. આ વસ્તુની પ્રતીતિ હરકોઈ સમજદાર વાચકને ' સંસ્મરણો ' વાંચ્યા પછી થયા વિના નહિ રહે એમ હું સમજું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાદાસાહેબના જીવનનાં અનેક પાસાં છે: અધ્યયન, ગાર્હસ્થ્ય-જીવનમાં પ્રવેશ, વકીલાત, ગુજરાત સભા, મ્યુનિસિપાલિટી અને ગુજરાત વિદ્યાસભા જેવી માતબર સંસ્થાઓમાં પ્રમુખપદ સુધીનો જવાબદારીવાળો કાર્યભાર, મોટા સંકટપ્રસંગે રાહતકાર્યમાં પ્રત્યક્ષ ભાગ લેવો, રાષ્ટ્રીય સ્વાતંત્ર્યની લડાઈમાં એક વિશિષ્ટ સૈનિક તરીકે ઝંપલાવવું, કેળવણીનાં વિવિધ ક્ષેત્રોમાં એકસરખો રસ લેવા ઉપરાંત તેને લગતાં અનેક સ્વપ્નોને સાકાર કરવાં, અધિકારીના અન્યાય કે જોહુકમી સામે લડતા તરુણવર્ગને પડખે ઊભા રહી નમૂનારૂપ કહી શકાય એવી દોરવણી દ્વારા લડતને વિજયી બનાવવી, કેળવણીના કામ અંગે તેમ જ લોકહિતનાં બીજાં અનેક કામો અંગે ફંડફાળા એકઠા કરવા, કોંગ્રેસ અને બીજી અનેક સંસ્થાઓનાં નાણાંનો પ્રામાણિક તેમ જ કુશળ વહીવટ કરવો, કસ્તૂરબા રાષ્ટ્રીય સ્મારક અને ગાંધીસ્મારક જેવાં અનેક દેશવ્યાપી ટ્રસ્ટોના ટ્રસ્ટી થવું, તેનો વહીવટ કરવો અને ઠરાવેલ ઉદ્દેશ અનુસાર ચાલતાં કામોને જાતદેખરેખથી વેગ આપવો, સ્પીકર તરીકેની મહત્તમ જવાબદારીઓને યશસ્વીપણે પહોંચી વળવું, વગેરે વગેરે. એમના જીવનનાં કેટલાં બધાં પાસાં છે ને પ્રત્યેક પાસામાં કેટલો બધો અનુભવ સંભાર ભરેલો છે તે બધું આ મર્યાદિત સ્મરણોમાં પણ સીધી કે આડકતરી રીતે જોવા મળે છે. જેમ એક જ મધુબિન્દુમાં અનેક મોસમોનાં, અનેક જાતનાં, અનેક આકારનાં અને વિવિધ રંગસ્વાદ તથા ગંધનાં ફૂલોનું સત્ત્વ એકરસ થયેલું હોય છે તેમ પ્રસ્તુત સંસ્મરણો વિશે કહી શકાય. ઘટના કોઈ એક જ હોય છે, પણ જ્યારે દાદા એને લગતા અનુભવનું સ્મૃતિચિત્ર ખેંચે છે ત્યારે અખંડ જીવનમાં જીવેલાં અને જિવાતાં અનેક પાસાંઓ તે ચિત્રમાં સાકાર થયા વિના નથી રહેતાં.

સત્યની ચાહના, સાહજિક તેજસ્વિતા અને ઊંડી ધાર્મિકતા, સ્પષ્ટ સમજણ અને વિવિધ ક્ષેત્રે કામ કરવાની ધગશ તેમ જ તેને યશસ્વી રીતે પાર પાડવાની કલા—એ પ્રસ્તુત સંસ્મરણોનો પ્રાણ તેમ જ તેની ભૂમિકા છે.

સત્યનિષ્ઠાનો પુરાવો છઠ્ઠા અને બાવનમા સંસ્મરણમાં સ્પષ્ટ છે. આશ્રમ ટ્રસ્ટનો લાંબો કાયદેસર દસ્તાવેજ મહેનત કરી દાદાસાહેબે લખ્યો, પણ જ્યારે ગાંધીજીએ દસ્તાવેજ ટૂંકો કરવાની દૃષ્ટિ સુચવી ત્યારે દાદા જરાય આનાકાની વિના એ દૃષ્ટિનું સત્ય સ્વીકારી લે છે અને પોતાને એક નવ દૃષ્ટિ લાધ્યાનો સંતોષ પ્રગટ કરે છે. આ એક વાત. તેથી ઊલટું, જ્યારે પ્રાદેશિક વિદ્યાપીઠ પરત્વે પોતાનો વિચાર ગાંધીજી કરતાં જુદો પડવા છતાં પોતાને તે સત્યપૂત

લાગ્યો ત્યારે, ગાંધીજી પ્રત્યે અનન્ય માન ધરાવવા છતાં, પોતાની વિચારસરણીને મક્કમપણે રજૂ કરતો ગાંધીજી સાથે થયેલ વાતચીતનો મુસદ્દો દાદાસાહેબે ગાંધીજીને મોકલ્યો અને તેથી ગાંધીજી કાંઈક વધ્યા અને ખુશ પણ થયા. જેનામાં સત્યનિષ્ઠા હોય છે તે જેમ બીજા હરકોઈ પાસેથી સત્ય સ્વીકારતાં ખમચાતો નથી તેમ તે પોતાને સ્પષ્ટ પ્રતીત થતા સત્યને મક્કમપણે છતાં વિનમ્રપણે વળગી રહે છે અને જેને શિરસાવંદ્ય લેખતો હોય તેની સામે પણ તે સત્ય મૂકતાં જરાય પાછો પડતો નથી.

તેજસ્વિતા અને રાષ્ટ્રીય સ્વમાનનો પુરાવો સંસ્મરણ નં. ૮ થી ૧૪ સુધીમાં એવો મળે છે કે તેમાં દાદાનું હીર તરી આવે છે. તેમણે જે રીતે વિદ્યાર્થીઓની લડત અને હડતાલનું સંચાલન કર્યું, જે સાવધાનીથી લોકમતને પોતાને પક્ષે વાળ્યો અને જે હિંમત તેમ જ બહાદુરીથી તે વખતના કેળવણી-પ્રધાનની સાન ઠેકાણે આણી એ બધું વાચનારને એમ જરૂર થઈ આવવાનું કે પરરાજ્ય કે સ્વરાજ્યમાં કોઈ પણ અન્યાય કે જોરતલબી સામે સત્યાગ્રહ-મૂલક લડત લડવાની હોય તો તેની આગેવાની લેવાનું ખમીર દાદાસાહેબમાં અવશ્ય છે.

દાદામાં તેજસ્વિતાની જેમ ધાર્મિકતા પણ ઊંડી છે. આની જીવન્ત પ્રતીતિ પંઢરપુરનું શ્રીવિઠ્ઠલમંદિર હરિજનોને માટે ખુલ્લું કરાવવા શ્રી. સાને ગુરુજીની જહેમત, મંદિરના પગથિયા પાસેથી જ પોતે કરેલું દર્શન, દિવસ-રાત ચાલેલી મંત્રણાઓ તેમ જ હરિજનપ્રવેશનો ઠરાવ અને સાને ગુરુજીનાં પારણાં—આ ચાર પ્રકરણોમાં થાય છે. કટ્ટર પૂજારીઓના એક આગેવાન સાથે દાદાને થયેલી પ્રશ્નોત્તરી પ્રકરણ ૪૯માં છે તે તથા છેલ્લા પ્રકરણ પર માં ગાંધીજીને પાઠવેલ પત્ર વાંચનાર દાદાની સત્યનિષ્ઠ વકીલાતનો નમૂનો જોઈ શકશે.

દાદાએ જે જે કામમાં હાથ નાખ્યો છે ત્યાં સર્વત્ર તેમને કેવો જશ મળ્યો છે અને ગાંધીજીએ તેમને કેટલા સદ્ભાવથી અપનાવ્યા છે એ બધું તમામ સંસ્મરણોમાં તરી આવે છે. દાદા એવા વિનમ્ર છે કે જરૂર પડે ત્યાં વડીલોની સલાહ લેવાનું ચૂકતા નથી. તેથી જ ગાંધીજીની પેઠે સરદારની પણ દોરવણીનો લાભ લેતાં તેઓ ચૂકતા નથી.

આ સંસ્મરણોમાં એક મહત્ત્વની વસ્તુ ધ્યાન ખેંચે છે અને તે એ કે દાદાસાહેબનાં માતુશ્રી અસાધારણ હૈયાઉકલતવાળાં અને હિંમતવાળાં છે. જ્યારે મૂંઝવણ પ્રસંગે નિર્ણય લેવાનો હોય ત્યારે દાદા માતુશ્રીને પૂછે છે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ને માતુશ્રી પણ એવાં કે પુત્રમોહમાં તણાયા સિવાય કર્તવ્યને અનુરૂપ જ પોતાનો નિર્ણય આપે છે.

દાદાએ 'સંસ્મરણો' લખવાનું પ્રયોજન અનુભૂત જીવનપ્રસંગોમાં ડોકિયું કરી તે સાથે તાદાત્મ્ય સાધવા દ્વારા સ્વસંતોષરૂપે દર્શાવ્યું છે. એ વાત અન્તર્મુખ દૃષ્ટિએ તદ્દન સાચી છે, પરંતુ એની બીજી બાજુયે છે અને તે વાચકોની દૃષ્ટિ. લેખકનું મુખ્ય પ્રયોજન આત્મસંતોષ હોય તોય વાચકનું પ્રયોજન તે સાથે સંકળાયેલું છે જ. તેથી દાદાએ દર્શાવેલું પ્રયોજન બહિર્મુખ દૃષ્ટિએ વાચકોના પરિતોષને પણ વ્યાપે છે. મેં આ સંસ્મરણો બીજી વાર સાંભળ્યાં તોય મને જરાય કંટાળો ન આવ્યો; ઊલટું, વધારે સમજવાનું પ્રાપ્ત થયું. તેથી હું એમ કહી શકું છું કે પ્રસ્તુત સંસ્મરણો દરેક સમજદાર વાચકે વાંચવા જેવાં છે. તેથી જ તો શ્રી. નરહરિભાઈ લખે છે કે શ્રી. દાદાસાહેબ માવળંકરનું આ પુસ્તક વાચકવર્ગને બહુ ઉપયોગી, રસપ્રદ અને બોધક લાગશે.

હું જાણું છું કે દાદાસાહેબ કેટલા કામના બોજા નીચે સતત દબાયેલા રહે છે, તેમ છતાં તેમનાં સંસ્મરણોનું રસિક અને બોધપ્રદ વાચન એવી વિનંતી કરવા પ્રેરે છે કે દાદાસાહેબ પોતાના જીવનનાં બધાં જ પાસાંને સ્પર્શતી જીવનકથા વિગતે સત્વર લખે તો તે અત્યારની અને ભાવી પેઢીને અનેક રીતે ઉપકારક નીવડશે.

સંસ્મરણો સાથે જે અગત્યનાં ત્રણ પરિશિષ્ટો આપ્યાં છે તેને લીધે પુસ્તકની ઉપયોગિતા સાચે જ વધી જાય છે. અને અંતે જે સૂચિ આપી છે તે ચોકસાઈ અને ઝીણવટનો એક નમૂનો છે. ગાંધીજીના નામ સાથે અને દાદાના નામ સાથે સૂચિમાં બધી જ વિગતો અને ઘટનાઓનો ટૂંક નિર્દેશ એવી રીતે કરવામાં આવ્યો છે કે માત્ર સૂચિ જોતાં જ ગાંધીજી અને દાદાસાહેબ વચ્ચેના સંબંધ ને જીવનપ્રસંગોનો આખો ચિતાર રજૂ થાય.

પુસ્તકની છપામણી, શુદ્ધિ અને ગોઠવણ એ બધું અદ્યતન હોઈ પ્રકાશક અને મુદ્રકને શોભા આપે તેવું છે. મારી ખાતરી છે કે જે આ સંસ્મરણો ધ્યાનથી વાંચશે તેને અનેક રીતે ઇષ્ટપ્રેરણા મળશે.*

* માનનીય શ્રી. ગણેશ વાસુદેવ માવળંકરની આત્મકથા 'સંસ્મરણો'ની સમાલોચના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org